Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ભારતીય શિક્ષણ : જ્ઞાનની અગણિત ધારાઓનો સુભગ સમન્વય

**પ્રા. કેતન વિનુભાઈ કાનપરિયા**
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,
લીલીયા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ભારતીય શિક્ષણ એટલે જ્ઞાનની અગણિત ધારાઓનો સુભગ સમન્વય ધરાવતું તપોવન પદ્ધતિનું શિક્ષણ. આ દેશનું 'ભારત' એવું નામકરણ તેની વિશિષ્ટ જ્ઞાનનિષ્ઠાનું સૂચન કરે છે. 'ભારત' અર્થાત્ 'ભા+રત'. અહીં 'ભા = જ્ઞાન (કાંતિ,તેજ) અને 'રત' = મગ્ન (તલ્લીન, આસક્ત) એવો અર્થ રહેલો છે. આમ 'ભારત' એટલે એવો દેશ, જે હંમેશા જ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓમાં તલ્લીન હોય. આ રીતે જ્ઞાનનિષ્ઠ અને તેજોમય ભારત પાસે વિશ્વના અન્ય દેશોથી તદ્દન ભિન્ન એવી પોતાની આગવી અને અલાયદી પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા છે. જેને 'ભારતીય શિક્ષણ' એવાં નામકરણથી ઓળખવામાં આવે છે.

ભારતીય શિક્ષણમાં અભ્યાસની સાથે અનુભવ, અભિવ્યક્તિની સાથે અનુભૂતિ, પ્રકૃત્તિની સાથે સંસ્કૃતિ, બુદ્ધિની સાથે તર્ક અને ભણતરની સાથે ગણતરનો સુભગ સમન્વય જોવા મળે છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિની આશ્રમવ્યવસ્થા અંતર્ગત બ્રહ્મચર્યાશ્રમના પાયામાં શિક્ષણ રહેલું છે. આ સમય દરમિયાન મેળવેલા જ્ઞાનથી ભારતીય પ્રજા સમગ્ર જીવનને જાણવાનો,માણવાનો અને પ્રમાણવાનો પ્રબળ પુરુષાર્થ કરે છે. આમ આજીવન જ્ઞાન પ્રાપ્તિ અને જ્ઞાનનું આજીવન વિતરણ ભારતીય શિક્ષણ વ્યવસ્થાનું પીઠબળ બની રહે છે.

ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત ઋષિમુનિઓના આશ્રમોમાં, ગુરુકુળમાં અને વિદ્યાપીઠોમાં શિક્ષણની વ્યવસ્થા હતી. પ્રાચીન ભારતમાં ઉપનયન(જનોઈ) સંસ્કાર સાથે શિક્ષણનો પ્રારંભ થતો હતો. વિદ્યાર્થી પોતાના પરિવારને છોડીને પ્રકૃત્તિના સાંનિધ્યમાં આવેલા ગુરુકુળમાં જઈને વિદ્યાભ્યાસ કરતો. આ ગુરૂકુળનું સમગ્ર સંચાલન તપસ્વી ઋષિમુનિઓ દ્વારા થતું. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરુ તેના શિષ્યોને વેદ,ઉપનિષદ, પુરાણ, ઇતિહાસ, વ્યાકરણ, નીતિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, યુદ્ધવિદ્યા, ભાષાશાસ્ત્ર વગેરે વિષયોનું વિસ્તૃત જ્ઞાન આપતા. આ ઉપરાંત ગુરુકુળમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સંગીત, સાહિત્ય વગેરે ભારતીય કલાઓનું જ્ઞાન પણ આપવામાં આવતું. ભારતીય શિક્ષણ પરંપરામાં માત્ર પુસ્તકોનું જ્ઞાન જ આપવામાં આવતું ન હતું, પરંતુ માનવજીવનને ઉન્નત બનાવનારા વિવિધ નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક તત્વોનું જ્ઞાન પણ આપવામાં આવતું. આમ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં આધ્યાત્મિક અને ભૌતિક બંને પ્રકારનું જ્ઞાન આપવામાં આવતું. વિદ્યાર્થી ગુરુકુળમાં રહીને તમામ પ્રકારના કાર્યો દ્વારા જીવન વિશેની સમ્યક સમજણ મેળવતો અને શિક્ષણની સમાપ્તિ વખતે ગુરુને દક્ષિણા આપતો. ભારતીય શિક્ષણ માત્ર ગોખણપટ્ટી પર આધાર રાખતું નથી પણ સાચા અર્થમાં જ્ઞાન,સમજ, ઉપયોગ અને પૃથક્કરણની શક્તિનો વિકાસ કરવાની પ્રક્રિયા છે. જે ભારતીય શિક્ષણનું સ્વરૂપ રજૂ કરે છે. ભારતીય શિક્ષણના સ્વરૂપની વિસ્તૃત જાણકારી સંદર્ભે તક્ષશિલા, નાલંદા, કાશી, વિક્રમશિલા, વલ્લભી વગેરે વિદ્યાપીઠની શિક્ષણ વ્યવસ્થા તરફ અંગુલીનિર્દેશ

કરી શકાય. આ રીતે ભારતીય શિક્ષણ સ્વરૂપની દ્રષ્ટિએ ભારતીય સંસ્કૃતિને વરેલું હોવાથી આપણને ભારતીયતાની ઝાંખી કરાવે છે.

ભારતીય શિક્ષણ પ્રણાલી વિશિષ્ટ પ્રકારની છે. ભારતની પ્રાચીન શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષણ આપવાની પદ્ધતિઓ પણ અનોખી છે. જેમાં સંવાદ, પ્રશ્નોત્તરી અને કથનની પદ્ધતિનો સમાવેશ થાય છે. પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા પ્રમાણે - સંવાદની પદ્ધતિમાં ગુરુ અને શિષ્ય વચ્ચેના જિજ્ઞાસાપૂર્ણ સંવાદ દ્વારા જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવતું, પ્રશ્નોત્તરીની પદ્ધતિમાં શિષ્ય જિજ્ઞાસા તથા વિનય સાથે પ્રશ્ન પૂછે અને ગુરુ તેના સંતોષકારક જવાબ આપે એ રીતે જ્ઞાન અપાતું તેમજ કથનની પદ્ધતિમાં ગુરુ પ્રકૃત્તિના સાનિધ્યમાં વ્યાખ્યાન દ્વારા શિષ્યોને જીવનના દરેક ક્ષેત્રનું જ્ઞાન આપતા અને શિષ્યો તેનું શ્રવણ કરીને શીખતા. આ ઉપરાંત રોજબરોજની વિવિધ પ્રવૃત્તિઓ અને વર્તનવ્યવહાર દ્વારા પણ શિક્ષણ આપવામાં આવતું. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરુ કુંભારની જેમ પ્રેમથી શિષ્ય રૂપી કુંભનું નિર્માણ કરે છે. પરિણામે આ સર્જનાત્મક કાર્યમાં પુનરાવર્તન કે પરિવર્તન ગુરુ માટે મજૂરી નહીં પણ સ્વકલાનું સંવર્ધન બની જાય છે. આ રીતે ભારતીય શિક્ષણમાં અધ્યાપનની પ્રક્રિયા પ્રેમસભર પ્રવૃત્તિ બની રહે છે. આમ ભારતીય શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓમાં ભારતીય અભિગમ જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ પ્રત્યેનો દ્રષ્ટિકોણ આધ્યાત્મિક હોવા છતાં પણ સમાજાભિમુખ રહ્યો છે. આથી ભારતીય શિક્ષણના ઉદ્દેશોમાં અલૌકિકતા અને લૌકિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે. ભારતની પ્રાચીન શિક્ષણ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ભારતીય શિક્ષણના ઉદ્દેશોની વાત કરીએ. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં 'સા વિદ્યા યા વિમુક્તયે' એટલે કે 'મુક્તિ અપાવે એ જ સાચી વિદ્યા'નું ખૂબ જ મહત્વ છે. આથી શિષ્યને જીવનના લૌકિક તથા અલૌકિક એવા તમામ પ્રકારના બંધનોથી મુક્તિ અપાવીને માનવ જીવનના સાચા અર્થ સુધી લઇ જવો એ ભારતીય શિક્ષણનો પ્રમુખ ઉદ્દેશ છે. ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત ગુરુ તેના શિષ્યને 'Open your books' નહીં પરંતુ 'Open your minds' કહીને આત્મતત્ત્વથી સભાન બનાવવાનો ઉમદા ઉદ્દેશ ધરાવે છે. માનવચેતનાનો સર્વાંગી વિકાસ થાય એ ભારતીય શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ છે. ભારતીય શિક્ષણ વ્યવસ્થા મનુષ્યને માત્ર શિક્ષિત કરવાનો જ નહીં પરંતુ માનવજીવનને ઉન્નત બનાવનારા નૈતિક મૂલ્યોથી દીક્ષિત કરવાનો ઉદ્દેશ પણ ધરાવે છે. ભારતીય શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને પરમતત્ત્વનું જ્ઞાન એટલે કે ' સત્ - ચિત્ - આનંદ' સ્વરૂપ પરમતત્ત્વની પ્રાપ્તિ કરાવીને નિર્ભય બનાવવાનો છે. ભારતીય શિક્ષણનો એક ઉદ્દેશ વિદ્યાર્થીઓને પરમતત્ત્વનું જ્ઞાન કરાવવાનો છે, પરંતુ એનો અર્થ એવો નથી કે ભૌતિક ક્ષેત્રમાં પ્રગતિ ન સાધવી. ભારતીય શિક્ષણમાં આધ્યાત્મિક અને ભૌતિક બંને પ્રકારનાં ગુણોનું શિક્ષણ આપવામાં આવે છે. આપણે ત્યાં ઉપનિષદોમાં વિદ્યાના સ્વરૂપનું

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વર્ણન કરતા બે પ્રકારની વિદ્યા - પરાવિદ્યા અને અપરાવિદ્યાની વાત કરવામાં આવી છે. તેના અનુસંધાને ભારતીય શિક્ષણ પરાવિદ્યા(બ્રહ્મવિદ્યા) અને અપરાવિદ્યા(લૌકિકવિદ્યા)નું જ્ઞાન એક સાથે આપવાનો મહત્વપૂર્ણ ઉદ્દેશ ધરાવે છે. આ રીતે ભારતીય શિક્ષણના ઉદ્દેશોમાં પણ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય પરંપરાનો વિરાટ પડઘો સાંભળવા મળે છે.

ભારતીય શિક્ષણમાં ગુરુનું સ્થાન પૂજનીય છે. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે ગુરૂ એટલે શિષ્યને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર વ્યક્તિ. આમ ગુરૂ તેના શિષ્યને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પવિત્ર પ્રકાશ તરફ લઈ જતા હોવાથી ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું ખૂબ જ મહત્વ છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુને ત્રિદેવ એટલે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની સમકક્ષ તથા અનંત જ્ઞાનની જીવંત મૂર્તિ ગણવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુને દક્ષિણામાં પોતાનું સમગ્ર રાજ્ય આપી દેનારા અને એથી પણ વિશેષ પોતાના હાથનો અંગુઠો આપી દેનારા એકલવ્ય જેવા શિષ્યોની કથાઓ ભારતીય શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત ગુરુના મહત્વપૂર્ણ સ્થાન તરફ અંગુલિનિર્દેશ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરૂભાવના એક પવિત્ર સંસ્કાર ગણાય છે.

ભારતીય શિક્ષણમાં ગુરૂ અને શિષ્ય વચ્ચેનો સંબંધ અદ્વિતીય છે. આ પ્રકારનો વિશિષ્ટ સંબંધ વિશ્વના અન્ય દેશોમાં જોવા મળતો ન હોવાથી ભારતીયતાનું લક્ષણ બની રહે છે. પ્રાચીન ભારતમાં ગુરૂ-શિષ્યના ભાવનાત્મક સંબંધને લીધે જ શિષ્ય માટે ગુરૂ બ્રહ્મસ્વરૂપ હતા. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરૂ અને શિષ્યનો સંબંધ એટલો ભાવનાત્મક હતો કે, જ્યારે શિષ્ય પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને પોતાના ઘર તરફ પ્રયાણ કરે ત્યારે શિષ્યને વિદાય આપતી વખતે ગુરૂ તથા શિષ્ય બંનેની આંખમાં આંસુ આવી જતા. આ બાબત ગુરૂ અને શિષ્ય વચ્ચેના ભાવપૂર્ણ તથા મધુર સંબંધોનું સૂચન કરે છે. ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં ગુરૂ અને શિષ્ય વચ્ચેનો સંબંધ માત્ર અભ્યાસકાળ પૂરતો જ સીમિત ન હતો પરંતુ જીવન પર્યંતનો હતો. ભારતીય શિક્ષણ અંતર્ગત ગુરૂ અને શિષ્ય વચ્ચેના અવિનાભાવી સંબંધનું અવલોકન કરીને એમ કહી શકાય કે, ભારતીય શિક્ષણમાં શિષ્ય ગુરૂપરાયણ અને ગુરૂ શિષ્યપરાયણ છે.

આ રીતે સમગ્રત: જોઈએ તો ભારતીય શિક્ષણનું સ્વરૂપ, ભારતીય શિક્ષણની પદ્ધતિઓ, ભારતીય શિક્ષણના ઉદ્દેશો, ભારતીય શિક્ષણમાં ગુરુનું પૂજનીય સ્થાન, ભારતીય શિક્ષણમાં ગુરૂ શિષ્યનો અદ્વિતીય સંબંધ વગેરે મુદ્દાઓની ચર્ચા-વિચારણા પરથી એમ કહી શકાય કે, ભારતીય શિક્ષણ એટલે જ્ઞાનની અગણિત ધારાઓનો સુભગ સમન્વય.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સંદર્ભસૂચિ :

(૧) 'શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય : આદિ શિક્ષણશાસ્ત્રી', લજ્જારામ તોમર, પ્રકા. પરિચય ટ્રસ્ટ – મુંબઈ.

(૨) 'શિક્ષણદર્શન', ભાણદેવ, પ્રકા. પ્રવીણ પ્રકાશન – રાજકોટ.

(૩) 'ભારતીય શિક્ષણ ચિંતન', લલિતભાઈ મહેતા, પ્રકા. પ્રવીણ પ્રકાશન - રાજકોટ

(૪) 'પ્રાચીન ભારતની શિક્ષણ ગરિમા', હીરજીભાઈ નાકરાણી, નવભારત પ્રકાશન - અમદાવાદ